ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગની કચેરી માટે રીસર્ચર અને આઈ.ટી. નિષ્ણાંતની જગ્યાઓની સેવા આઉટસોર્સથી લેવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0095/A Section
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૧૨/૨૦૨૩

<u>વંચાણે લીધાં</u>:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૩/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગનો તા.૨૩/૧૦/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: **GSCUC/ITRE/e-file/364/2022/0006/Mahekam**

<u>ઠરાવ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ આ વિભાગના તા.૦૩/૦૩/૨૦૨૩ ના ઠરાવથી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ ખાતે અન્ય રાજ્યોની યોજનાઓની વિગતો એકત્ર કરવા, આયોગની વેબસાઇટ તથા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના અપડેશનની કામગીરી તેમજ કચેરીની આઇ.ટી. સંબંધિત તમામ કામગીરી માટે રીસર્ચર (સંશોધક) ની ૦૧ જગ્યા અને આઈ.ટી. નિષ્ણાંતની ૦૧ જગ્યા એમ કુલ ૦૨ જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફતે આઉટસોર્સથી ૧૧ માસ માટે લેવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) માં દર્શાવેલ ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગના તા.૨૩/૧૦/૨૦૨૩ ના પત્રથી રીસર્ચર (સંશોધક) ની ૦૧ જગ્યા અને આઈ.ટી. નિષ્ણાંતની ૦૧ જગ્યાની સેવાઓ તા.૨૧/૦૧/૨૦૨૪ થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવા માટે જરૂરી મંજૂરી આપવા આયોગ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સક્ષમ કક્ષાએ થયેલપુખ્ત વિચારણાના અંતે, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ ખાતે ઉપરોક્ત કામગીરી માટે નીચે કોષ્ટકમાં દર્શાવેલ ૦૨(બે) જગ્યાઓની સેવાઓ તા.૨૧/૦૧/૨૦૨૪ થી વધુ ૧૧ માસ માટે નિમ્નલિખિત શરતોને આધીન માન્ય એજન્સી મારફતે આઉટસોર્સથી લેવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

1. સરકારશ્રીના આ અંગેના વખતોવખતના ઠરાવોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. પ્રસ્તુત જગ્યાઓની કામગીરીની સમીક્ષા કર્યા બાદ જો આ સેવાઓની વધુ સમય માટે જરૂરિયાત જણાય તો આ અંગે સમયસર દરખાસ્ત રજૂ કરી, નાણા વિભાગની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે.

| ક્રમ | મંજૂર થયેલ જગ્યા | સંખ્યા | પ્રતિ માસ મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | રીસર્ચર (સંશોધક) | ૦૧ | રૂ.૩૦,૦૦૦/- |
| ૨ | આઈ. ટી. નિષ્ણાંત | ૦૧ | રૂ.૩૦,૦૦૦/- |
| | કુલ | ૦૨(બે) | |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ સક્ષમ કક્ષાએથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી
સેક્શન અધિકારી

Signature Not Verified
Signed by: H R Doshi
Section Officer
Date: 2023.12.20
17:16:02 +05:30

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, બ્લોક નં-૧, એ-૨ વિંગ, ૬ઠ્ઠો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ